PROD

<u>વંચાણે લીધા :</u> પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફિક/૨૧/૨૦૧૮, તા.૬/૭/૨૦૧૮

## <u>જાહેરનામું</u>

**પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફિક/ ૧૩ /૨૦૧૯,**

**તા. ૩૦ / ૫ /૨૦૧૯**

હું, એ.કે.સિંઘ, IPS, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ (૧૯૫૧ ના કાયદા નંબર ૨૨) ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૯૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત તા.૧૬/૫/૨૦૨૦ સુધી ટ્રાફીક સુચારુ રીતે ચાલે અને ટ્રાફીકની કોઇ સમસ્યા ઉદભવે નહી તે હેતુસર નીચે મુજબનો રસ્તો ડાયવર્ઝન કરવા અને નો-પાર્કિંગ ઝોન જાહેર કરવા અંગેનો હુકમ કરૂ છું.

**<u>હુકમ</u> :-**

અમદાવાદ શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત સાબરમતી મેટ્રો સ્ટેશન બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવનાર હોય જેથી સાબરમતી ટોલનાંકા ચાર રસ્તાથી **(અક્ષાંશ-રેખાંશ ૨૩.૦૮૫૭૩૬૫, ૭૨.૫૯૧૫૧૬૬)** સાબરમતી મેટ્રો સ્ટેશન બનાવવાની કામગીરી શરૂ કરી પંચશીલ હોસ્પીટલ જૈન દેરાસર **(અક્ષાંશ-રેખાંશ ૨૩.૦૮૪૫૮૯૧, ૭૨.૫૯૧૯૨૯)** તરફ જતા માર્ગ ઉપર આ કામગીરી પુર્ણ કરવામાં આવનાર છે. આ રસ્તા ઉપર પીલ્લર બનાવવાની કામગીરી દરમિયાન ૨૧-મીટરની સેગમેન્ટ આ પીલ્લર ઉપર લગાવવાની હોવાથી રોડ ઉપર કુલ ૨૩-મીટર જેટલુ બેરીકેડીંગ કરી રસ્તો બંધ કરવામાં આવનાર છે. જેથી જે જગ્યાએ કામ ચાલનાર છે તેટલો રસ્તો તમામ પ્રકારના વાહન વ્યવહાર સારુ બંધ રહેશે.

**વૈકલ્પિક રુટ :** સાબરમતી ટોલનાંકા ચાર રસ્તાથી પંચશીલ હોસ્પીટલ જૈન દેરાસર તરફ જવા માટે બી.આર.ટી.એસ. રૂટની ૧૭૫ મીટર જેટલી લોખંડની ગ્રીલ દૂર કરી તે બી.આર.ટી.એસ.ના રૂટ ઉપર નવો રોડ બનાવી, જુનો હયાત રોડ મર્જ કરી રોજીંદા ટ્રાફિકને ડાયવર્ઝન કરનાર છે. એટલે કે આ નવા મર્જ થઇને બનનાર રોડ ઉપરથી સાબરમતી ટોલનાંકા ચાર રસ્તાથી પંચશીલ હોસ્પીટલ જૈન દેરાસર તરફ જઇ શકાશે.

**<u>નોંધ</u> : ઉપરોક્ત સમગ્ર રોડ "નો-પાર્કિંગ ઝોન" રહેશે.**

આ જાહેરનામુ ફાયરબ્રિગેડ, એમ્બ્યુલન્સ સેવાઓ તથા સરકારી વાહનોને કામગીરી દરમ્યાન લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો અમલ જાહેરનામું પ્રસિદ્ધ થયેથી તા.૧૬/૫/૨૦૨૦ સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લંઘન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારી/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા. ૩૦ / ૫ /૨૦૧૯ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

City Commissioner of Police * Ahmedabad *

તા. ૩૦/ ૫/૨૦૧૯
અમદાવાદ શહેર

**( એ.કે.સિંઘ )**
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

**<u>નકલ સવિનય રવાના :</u>**

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા